ભાભરની વજાપુર ગ્રામ પંચાયત સુપરસીડ થવાના એંધાણ

અંદાજપત્ર બબ્બે વખતના ના મંજૂર થતા તંત્ર દ્વારા લાલ આંખ

ડીસા, તા. ૨૨

ભાભર તાલુકાના વજાપુર ગ્રામ પંચાયતના બજેટ અંગેની સામાન્ય સભામાં ૪ વિરૂદ્ધ ૫ મતે અંદાજપત્રનો ઠરાવ નહી પસાર થતા વિકાસ કમિશનર દ્વારા ગ્રામ પંચાયત બોડીને કારણદર્શક નોટીસ ફટકારી ગ્રામ પંચાયતનું વિસર્જન કરવા માટે આખરી પત્ર લખ્યો હતો. જો કે તેને પણ બે માસ થવા છતાં પંચાયત બોડીના કોઈ સભ્ય હાજર નહી રહેતા સમગ્ર મામલો વિવાદાસ્પદ બન્યો છે.

જાણવા મળતી માહિતી પ્રમાણે ભાભર તાલુકાના વજાપુર ગ્રામ પંચાયતના બજેટ માટે તા. ૨૭-૧૨-૨૦૧૮ અને તા. ૪-૧-૨૦૧૮ના રોજ બેઠક મળેલ હતી. પરંતુ જેમાં અંદાજપત્ર ૫ વિરૂદ્ધ ૫ મતે નહી પસાર થતા પંચાયત અધિનિયમ પ્રમાણે સરકાર દ્વારા ગ્રામ પંચાયત બોડીને બરખાસ્ત કરવા કાર્યવાહી હાથ ધરવાનું નક્કી કરાયુ હતુ અને આ બાબતે સરપંચ સહીત સભ્યોને નોટીસ ફટકારી ગુજરાત રાજ્ય વિકાસ કમિશનર દ્વારા નોટીસ ફટકારી તા. ૨૧-૮-૨૦૧૮ના રોજ હાજર રહેવા જણાવાયુ હતુ પરંતુ બોડીના સભ્યો હાજર નહી રહેતા સરકાર દ્વારા ગ્રામ પંચાયત બોડી પર સુપરસીડનો ખતરો તોળાઈ રહ્યો છે.

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગરમાં સૌ પ્રથમવાર રાધિકા શોપર્સ દ્વારા લગ્ન પ્રસંગે શુભ પ્રસંગોને શોભાવવા માટે કઈ તૈયારીઓ કરવી પડે તેને લઈને સૂર્યોદય પાર્ટી પ્લોટમાં એક ફેશન-શૉનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૩૦ જેટલી મોડલો દ્વારા લગ્નમાં ગણેશથી માંડીને વિદાય સુધીમાં કયા-કયા ડ્રેસ પહેરી શકાય તેના કલેકશનનું રેમ્પ પર કેટવૉક કર્યું હતું. આમ જિલ્લામાં સૌપ્રથમવાર આ કોન્સેપ્ટ દ્વારા લોકોને સમજ આપવાનો એક પ્રયત્ન રાધિકા શોપર્સ દ્વારા કરવામાં આવ્યો હતો...

મોડાસા અને ધનસુરા તાલુકાના વધુ ૨૨ ગામોમાં એકતા રથયાત્રાનું સ્વાગત

મોડાસા, તા. ૨૨

આગામી ૩૧મી ઓક્ટોબરે કેવડિયા કોલોની ખાતે નર્મદાના સાધુ ટાપુ ઉપર નિર્મિત વિશ્વની સૌથી ઉંચી ૧૮૨ મીટરની લોખંડી પુરુષ

સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાનું વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે લોકાર્પણ થવાનું છે. ત્યારે સરદાર સાહેબને ભાવાંજલિ અર્પવા માટે ગામેગામ સરદાર સાહેબની પ્રતિમા સાથેની એકતા રથયાત્રા અરવલ્લી જિલ્લામાં પણ તમામ તાલુકાઓ અને ગામડાઓને આવરી લઈને પ્રથમ તબક્કાની રથયાત્રાનો બે પ્રારંભ થયો છે તેના આજે ત્રીજા દિવસે પણ મોડાસા અને ધનસુરા તાલુકાના વધુ ૨૨ ગામોમાં રથનું આગમન થતા દરેક ગામમાં ઉમંગભેર યાત્રાનું સ્વાગત કરાયું હતું.

આજની રથયાત્રામાં જિલ્લા પ્રમુખ રણવીરસિંહ ડાભી સહિત સંગઠનના અને અન્ય પદાધિકારીઓ, અધિકારીઓ જોડાયા હતા. જેમાં મોડાસા તાલુકાના ૧૧ ગામોમાં જિલ્લા મહામંત્રી શામળભાઈ પટેલ, તાલુકા ભાજપ પ્રમુખ હસમુખભાઈ પટેલ, જિલ્લા યાત્રા રૂટ ઈન્ચાર્જ પ્રભુદાસભાઈ પટેલ, ભીખુસિંહ પરમાર, મહામંત્રી અંકિતભાઈ પટેલ અને જયેશભાઈ રબારી, મંડલ રૂટ ઈન્ચાર્જ સુરેશભાઈ પરમાર અને જીતુભાઈ પટેલ, દલિત મોરચા પ્રમુખ દિનેશભાઈ પરમાર, પૂર્વ જિ. પંચાયત ઉપપ્રમુખ રમણભાઈ પટેલ તેમજ ટીડીઓ ગોપાલભાઈ પટેલ વગેરે જોડાયા હતા. રૂટ દરમિયાન વાંટા રામપુર, ખંભીસર, મેઢાસણ ગામોમાં મહામંત્રી શામળભાઈ પટેલે દેશના શિલ્પી લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલના દેશની એકતા અને અખંડિતતા માટેના જીવનના કાર્યો વિશે ઉંડાણમાં ખ્યાલ આપીને ભાવાંજલિ અર્પી હતી અંતે એકતાના સામુહિક શપથ લેવડાવ્યા હતા.

જ્યારે આજે ત્રીજા દિવસે ધનસુરા તાલુકાના ૧૧ ગામોમાં રથનું ભ્રમણ થતા જુદા જુદા ગામોમાં રથનું સ્વાગત કરાયું હતું. ધનસુરા તાલુકામાં યાત્રામાં મંડલ યાત્રા ઈન્ચાર્જ અનિલભાઈ આર.પટેલ, આજના દિવસના ઈન્ચાર્જ વિનોદભાઈ બી.પટેલ, જિલ્લા કિસાન મોરચાના પ્રમુખ બીપીનભાઈ પટેલ, ધનસુરા તાલુકા સહ પ્રભારી મણીભાઈ પટેલ, પ્રાંત અધિકારી સહિતના અન્ય અધિકારીઓ જોડાયા હતા. જેમાં અધિકારી ઉપરાંત અનિલભાઈ પટેલ દ્વારા યાત્રા અંગેનો અને સરદાર સાહેબના જીવન વિશેનો ખ્યાલ આપવામાં આવ્યો હતો દરેક ગામમાં અંતે દેશની એકતાના સામૂહિક શપથ લેવડાવ્યા હતા.

લાયન્સ ઈન્ટરનેશનલ પીસ પોસ્ટર કોમ્પિટિશનમાં

મોડાસા લાયન્સ મંદિરના ત્રણ બાળકોનો દબદબો

મોડાસા, તા. ૨૨

અમદાવાદ ગાંધી આશ્રમ ખાતે લાયન્સ ઈન્ટરનેશનલ પીસ પોસ્ટર કોમ્પિટિશનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં મોડાસા લાયન્સ સોસાયટી સંચાલિત બહેરા-મૂંગા શાળાના ૫ બાળકો સહીત રાજ્યમાંથી ૨૭૦ બાળકોએ ભાગ લીધો હતો. જેમાં મોડાસા લાયન્સ મંદિરના અંકિતા.પી. ખાંટ પ્રથમ ક્રમ, દ્રિતીય શર્મિષ્ઠા ખાંટ અને તૃતીય મીનલ પટેલ અને આશ્વાસન ઈનામ મયુર કલારાએ પ્રાપ્ત કર્યુ હતું. તમામ વિજેતા બાળકોને રાજ્યના કેબિનેટ કક્ષાના મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા અને ડીસ્ટ્રીક્ટ ગવર્નર સૌરભભાઈ બ્રહ્મભટ્ટના હસ્તે ઈનામ અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવતા બાળકો ખુશીથી ઝુમી ઉઠ્યા હતા. આ પ્રસંગે મોડાસા લાયન્સ પ્રમુખ પરેશ શાહ, મનુભાઈ પટેલ (આર.એસ), સુરેશભાઈ પટેલ (ડી.સી), ભાવેશભાઈ જયસ્વાલ (ડી.સી) અને શિક્ષક રમેશભાઈ વ્યાસ ઉપસ્થિત રહી બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા. મોડાસા બહેરા-મૂંગા શાળાના ત્રણે બાળકોને લાયન્સ સોસાયટીના ડૉ. ટી.બી. પટેલ, કમલેશભાઈ પટેલ (ચેરમેન મોડાસા નાગરિક સહકારી બેંક) ઝેડસીએફ પ્રવીણભાઈ પરમાર, મોડાસા લાયન્સ, લીઓ, લાયન્સ શક્તિના હોદ્દેદારો અને સદશ્યોએ અભિનંદન પાઠવ્યા હતા.

શામળાજી નજીક ટ્રકમાંથી ૪૪.૧૩ લાખ અને જેતપુર નજીક કારમાંથી ૮૨ હજારનો દારૂનો જથ્થો જપ્ત

શામળાજી,તા. ૨૨

અરવલ્લી જીલ્લાની આંતરરાજ્ય સરહદ રતનપુર ચેકપોસ્ટ પરથી રાજ્યમાં મોટા પ્રમાણમાં વિદેશી દારૂ ઘુસાડવા બુટલેગરો માટે સલામત માર્ગ રહ્યો છે. જીલ્લા પોલીસવડા મયુર પાટીલે દારૂબંધીની અમલવારી માટે કડક સૂચના અપાતા મોટા પ્રમાણમાં વિદેશી દારૂ ઝડપવામાં નોંધપાત્ર સફળતા જિલ્લા પોલીસતંત્રને મળી રહી છે. શામળાજી પોલીસે અણસોલ ગામની સીમમાં રાજસ્થાન તરફથી આવતા વાહનોનું સઘન ચેકીંગ હાથ ધરાતા પોલીસતંત્રની નાકાબંધી જોઈ દારૂ ભરેલ ટ્રક રોડ સાઈડ ઉભો રાખી ટ્રક ચાલક ફરાર થતા ટ્રકમાંથી ભારતીય બનાવટનો ૪૪.૧૩ લાખનો વિદેશી દારૂનો જથ્થો અને ટ્રકની કીં. રૂ. ૧૦ લાખ મળી કુલ ૫૪ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી પ્રોહિબિશન હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. ભિલોડા પીએસઆઈ સંગાડાએ ટાકાટુકા નજીકથી દારૂ ભરેલી સેવરોલેટ કારને અટકાવવા જતા પોલીસ જીપને ઓવરટેક કરી નાસી છૂટવાનો પ્રયત્ન કરતાં પોલીસટીમે ફિલ્મીઢબે પીછો કરતાં કારચાલક ડુંગરો વચ્ચે જેતપુર પાસે મૂકી ફરાર થતા કારમાંથી ૮૫૨૦૦નો દારૂ અને કારની કીં.૧૫૦૦૦૦ મળી કુલ રૂ.૨૩૫૦૦૦નો મુદ્દામાલ જપ્ત કરી કાર ચાલક વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

રાજ્યમાં સ્વાઈન ફ્લૂના વધુ ૧૭ કેસ

સ્વાઈન ફ્લુથી મોતનો આંકડો વધીને ૫૩ થયો : કેસોની સંખ્યા વધી ૧૬૪૬ પર પહોંચી

ગાંધીનગર, તા.૨૨

સ્વાઈન ફ્લુના કારણે રાજ્યભરમાં ભારે આતંક જારી રહ્યો છે. સ્વાઈન ફ્લુથી સુરતમાં આજે એકનું મોત થયું હતું. આજે સ્વાઈન ફ્લુના વધુ ૧૭ કેસ સપાટી પર આવ્યા હતા. જે પૈકી અમદાવાદમાં સૌથી વધુ નવ કેસ નોંધાયા હતા. રાજકોટ અને સુરતમાં બે બે કેસ નોંધાયા હતા. જ્યારે જામનગર અને જુનાગઢમાં સ્વાઈન ફ્લુના એક એક કેસ નોંધાયા હતા. સ્વાઈન ફ્લુના કેસો ચિંતાજનક રીતે વધી રહ્યા છે. આજે વધુ ૧૭ કેસની સાથે જ કેસોની સંખ્યા વધીને હવે ૧૬૪૬ સુધી પહોંચી ગઈ છે. જ્યારે સારવાર લઈ રહેલા લોકોની સંખ્યા ૧૮૯ જેટલી છે. વધુ એકનું મોત થતાં મોતનો આંકડો વધીને આજે ૫૩ ઉપર પહોંચી ગયો હતો જ્યારે ૧૭ નવા કેસોની સાથે કુલ કેસોની સંખ્યા વધીને ૧૬૪૬ ઉપર પહોંચી ગઈ છે. ૧૩૬૦ દર્દીઓને સારવાર આપવામાં આવ્યા બાદ આ લોક સ્વસ્થ થઈ ચુક્યા છે અને રજા આપી દેવામાં આવી છે. અમદાવાદમાં સ્વાઈન ફ્લુના ૯ કેસ આજે નોંધાયા હતા.

ખેડબ્રહ્મા તાલુકાના તલાટી મંડળ દ્વારા અચોક્કસ મુદ્દતની હડતાલ પર

ખેડબ્રહ્મા, તા. ૨૨

ગુજરાત રાજ્ય તલાટી મંડળ દ્વારા તા. ૯-૧૦-૧૮ના રોજ સત્યાગ્રહ છાવણી ગાંધીનગર ખાતે નક્કી થયાં ધરણાં કાર્યક્રમ બાદ કોઈ પ્રશ્નોનુ નિરાકરણ નહીં આવતાં ગુજરાત રાજ્ય તલાટી મંડળની બેઠક ૧૧/૧૦/૨૦૧૮ના રોજ ગુરુવારે મળેલી બેઠકમાં લેવાયેલા નિર્ણયથી ગુજરાત રાજ્ય તલાટી મંડળ દ્વારા ૨૨/૧૦/૨૦૧૮ના રોજથી મહેસુલી કામગીરી તેમજ પંચાયત ફરજ ઉપરથી આજરોજ તમામ મિત્રો અચોક્કસ મુદ્દતની હડતાલ પર જોડાઈ ગયા. જેથી તાલુકાની તમામ ગ્રામ કચેરીએ ખંભાતી તાળાં લાગતાં પ્રજાને હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે.

ક્ષત્રિય સમાજનું ગૌરવ

તલોદ, તા. ૨૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના ક્ષત્રિય સમાજના નવાપુરા (વાઘપુર) ગામના ડૉ. હિરેનસિંહ બાલુસિંહ મકવાણાએ ચાલુ સાલે રાજ્ય સરકાર દ્વારા લેવાયેલ જી.પી.એસ.સી. પરીક્ષામાં મેડીકલ ઓફીસર તરીકે વર્ગ-૨માં ઉત્તીર્ણ થતાં રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા તેમની અમદાવાદ મુકામે નિમણુંક કરવામાં આવી છે. જેને સમગ્ર ક્ષત્રિય સમાજે આનંદની લાગણી સાથે અભિનંદન પાઠવ્યા હતા.

વન વિસ્તારમાં સાહસિક પગપાળા પરિભ્રમણ કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૧૯

રાજયના અનુસુચિત જનજાતિના ૧૫ થી ૩૫ વર્ષની વયમર્યાદા ધરાવતા વિદ્યાર્થી, બિનવિદ્યાર્થી યુવક/યુવતિઓમાં શારીરિક ક્ષમતામાં વધારો થાય, સાહસિક વૃત્તિ વિકસે તેમજ તેઓનામાં રહેલી આંતરિક શક્તિઓ બહાર લાવીને પ્રોત્સાહિત કરવાના હેતુથી વન વિસ્તારમાં રાજય સરકાર દ્વારા ૧૦ દિવસ માટે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર દ્વારા જણાવાયાનુસાર રાજય સરકારના ખર્ચે ૧૦ દિવસનો વન વિસ્તાર પરિભ્રમણ કાર્યક્રમ નવેમ્બર-૨૦૧૮માં નર્મદા ખાતે યોજવામાં આવશે. જેમાં પસંદ થયેલ ૧૦૦ યુવક-યુવતીઓને ભાગ લેવાની તક આપવામાં આવશે.

માત્ર અનુસૂચિત જનજાતિના યુવક-યુવતીઓ કે, જેઓ ૩૧ ડિસેમ્બર-૨૦૧૮ના રોજ ૧૫ થી ૩૫ વર્ષની વયમર્યાદા ધરાવતા હોય તેવા અને આ કાર્યક્રમમાં ભાગ લેવા ઈચ્છતા હોય તેઓએ પોતાની અરજી .જઅષ્ઠ્ઠ.ૠ ઙ્ઘક્રૈં.ર્ૠૃ.ર્ હ વેબસાઈટ પરથી ફોર્મ ડાઉનલોડ કરી સંપૂર્ણ વિગતો ભરીને આધાર-પુરાવા સાથે જિલ્લા રમતગમત અધિકારી, રૂમ નં.૨૧૭, બીજો માળ, રાજપીપળા, જિલ્લો-નર્મદાને તા.૫ નવેમ્બર-૨૦૧૮ સુધીમાં મોકલી આપવાનું રહેશે.

કાર્યક્રમ દરમિયાન નિવાસ, ભોજન, કાર્યક્રમ સ્થળે આવવા-જવાનો પ્રવાસ ખર્ચ તેમજ ભાગ લેવા બદલ પ્રમાણપત્ર રાજય સરકાર દ્વારા આપવામાં આવશે. આ કાર્યક્રમ માટે પસંદ થનાર યુવક-યુવતીઓને જિલ્લા રમતગમત અધિકારી, નર્મદા દ્વારા પત્ર/મોબાઈલ/ઈ-મેલથી જાણ કરવામાં આવશે.

આ સંદર્ભે વધુ માહિતી માટે જિલ્લા રમતગમત અધિકારી, નર્મદા, મોબાઈલ નંબર : ૯૯૦૯૩૦૦૧૦૯ તેમજ ઈ-મેલ dsonarmada27@gmail.com ઉપર સંપર્ક કરવા કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે.

ચાંદખેડા અને લાંભા વોર્ડના કોંગ્રેસી કાર્યકરોનો હોબાળો

અમદાવાદ, તા.૨૨

શહેરના વિવિધ વોર્ડ પ્રમુખોની નિમણૂંક અને ફેરફાર મામલે શહેર કોંગ્રેસમાં આજે અચાનક ભડકો જોવા મળ્યો હતો. ખાસ કરીને ચાંદખેડા અને લાંભા વોર્ડના કોંગી નેતાઓ સેંકડો કાર્યકરો સાથે પ્રદેશ કોંગ્રેસની કચેરીએ પહોંચ્યા હતા અને ત્યાં જોરદાર સૂત્રોચ્ચાર સાથે જબરદસ્ત હોબાળો મચાવ્યો હતો. એટલું જ નહી, એકસાથે ૫૦૦ જેટલા કાર્યકરો અને સ્થાનિક આગેવાનોએ સામૂહિક રાજીનામાં ધરી દેતાં પ્રદેશ કોંગ્રેસમાં પણ ભારે ચકચાર મચી ગઈ હતી. છેવટે કાર્યકરો અને આગેવાનોની નારાજગી અને આક્રોશ જોઈ પ્રદેશ કોંગ્રેસના નેતાઓએ તેમની લાગણી કોંગ્રેસ પક્ષના મોવડીમંડળ સુધી પહોંચાડવાની ખાતરી આપી હતી અને સમગ્ર મામલો થાળે પાડયો હતો. જો કે, કોંગ્રેસના સેંકડો કાર્યકરોના હોબાળા અને સામૂહિક રાજીનામાને પગલે સ્થાનિક રાજકારણ જોરદાર રીતે ગરમાયું હતું. અમદાવાદ શહેરના વિવિધ વોર્ડ પ્રમુખની નિમણૂંકમાં કરાયેલા ફેરફાર અને નવી નિમણૂંકોને લઈ ઉગ્ર આક્રોશ અને ભારે નારાજગી સાથે શહેર કોંગ્રેસના ૫૦૦ કાર્યકર્તાઓ આજે એકસાથે રાજીનામું આપવા પ્રદેશ કોંગ્રેસની કચેરીએ પહોંચ્યા હતા. ખાસ કરીને ચાંદખેડા અને લાંભા વોર્ડના કોંગી નેતાઓ સંગઠનમાં પોતાની બાદબાકીથી નારાજ થતા રોષે ભરાયા હતા. આજે બપોરે પાલડી સ્થિત રાજીવગાંધી ભવનમાં મોટી સંખ્યામાં નારાજ કાર્યકરો કોંગ્રેસ સાથે છેડો ફાડવાની ચીમકી ઉચ્ચારતા પહોંચ્યા હતા અને પોતાના સામૂહિક રાજીનામા ધરી ખેસ ઉતરવાની ખુલ્લી ધમકી ઉચ્ચારી હતી.

મહેસાણા જિલ્લામાં ૮ ડિસેમ્બરે નેશનલ લોક અદાલત યોજાશે

જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ મહેસાણા દ્વારા જિલ્લા અદાલત રાજમહેલ તેમજ તાલુકાકક્ષાએ મહેસાણા જિલ્લાની તમામ તાલુકા કોર્ટોમાં ૮ ડિસેમ્બરના રોજ સવારે ૧૦.૩૦ કલાકથી નેશનલ લોક અદાલતનું આયોજન કરાયું છે. આ લોક અદાલતમાં સમાધાનપાત્ર ફોજદારી કેસો, મોટર એકસીડન્ટ કલેઈમ પીટીશન, નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ના ચેક રીટર્ન કેસો, ભરણપોષણના કેસો, ફેમીલી કેસો, જમીન વળતરના કેસો, મજુર કાયદાને લગતા કેસો તથા અન્ય પ્રકારના સમાધાન કેસો મુકી શકાશે. સંબધીત કોર્ટમાં અથવા જિલ્લા કાનુની સેવા સત્તામંડળ તેમજ તાલુકાકક્ષાએ તાલુકા કાનૂની સેવા સમિતનો ૧ ડિસેમ્બર સુધી કે પહેલાં સંપર્ક કરવાનો રહેશે તેમ સેક્રેટરી જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ મહેસાણાની અખબારી યાદીમાં જણાવાયું છે.

પ્રતિષ્ઠા ખરડાઈ

● અનુસંધાન પહેલાનું ચાલુ

અધિકારીઓની સામે કેસ કરતા પહેલા મંજુરી લેવાની બાબત જરૂરી બની ગઈ છે. સીબીઆઈ હાલના સમયે સંકટમાંથી પસાર થઈ રહી છે. સીબીઆઈએ હાલમાં પોતાના જ સ્પેશિયલ ડિરેકટર અને તપાસ સંસ્થામાં નંબર-૨ની સ્થિતિ ધરાવતા રાકેશ અસ્થાના પર ત્રણ કરોડ રૂપિયાની લાંચ લેવાનો કેસ કરી દીધો છે પરંતુ આ મામલો એકલો નથી. આ કેસથી અલગ આમાં સીબીઆઈના વડા આલોક વર્મા અને અસ્થાના વચ્ચે આંતરિક ખેંચતાણની લડાઈનો પણ એન્ગલ છે. સીબીઆઈએ અસ્થાના પર દાખલ કરવામાં આવેલી એફઆઈઆરમાં માંસ કારોબારી મોઈન કુરેશી પાસેથી ત્રણ કરોડ રૂપિયા લેવાનો આક્ષેપ કર્યો છે. અસ્થાનાએ જ કુરેશીની સામે તપાસની જવાબદારી સંભાળી હતી. જ્યારે અસ્થાનાએ તેમના પર મુકવામાં આવેલા આક્ષેપોને ફગાવતા સીધી રીતે સીબીઆઈ વડા ઉપર ફસાવવાના આક્ષેપ કર્યા છે. એમ માનવામાં આવે છે કે બે અધિકારીઓની વચ્ચે પાવર માટે ખેંચતાણનો દોર ચાલી રહ્યો છે. સૂત્રોના કહેવા મુજબ આ મામલામાં ૧૯મી ઓક્ટોબરના દિવસે એફઆઈઆર દાખલ કરાઈ હતી. મામલાની ગંભીરતાનો અંદાજ આનાથી જ મળી ગયા છે કે આમાં સીબીઆઈના સ્પેશિયલ ડિરેક્ટર રાકેશ અસ્થાના ઉપરાંત ગુપ્તચર સંસ્થા રોના એક સિનિયર અધિકારીનું નામ પણ સામેલ છે. સૂત્રોના કહેવા મુજબ મામલો સપાટી પર આવ્યા બાદ આ કૌભાંડથી જોડાયેલી તપાસમાં રાકેશ અસ્થાને દુર કરવાની પહેલ કરવામાં આવી ચુકી છે.

ગંભીર આક્ષેપ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ડિરેકટરે સીવીસીને પત્ર લખીને પોતાની સુરક્ષા માટે રજુઆત કરી હતી અને આક્ષેપ કર્યો હતો કે તેમને અને તેમના પરિવારના સભ્યોની કોલ ડિટેઈલમાં તપાસ કરવામાં આવી રહી છે. બસ્સી, અશ્વિની ગુપ્તા, સ્ટાફ ઓફિસર અને એડિશનલ ડિરેકટર એ.કે. શર્મા દબાણમાં આવીને તેમને ફસાવવાનું કામ કરી રહ્યા છે. અસ્થાને લખ્યું છે કે આ ત્રણેય અધિકારીઓ દબાણમાં છે. પાંચ હજાર કરોડ રૂપિયાના સ્ટર્લિંગ બાયોટેક કેસમાં તેમની કોઈપણ પ્રકારની ભૂમિકાની તપાસ માટે તેમને જવાબદારી સોંપવામાં આવી હતી. જેના ભાગરૂપે ઘણા અધિકારીઓની બદલી કરવામાં આવી છે. સીબીઆઈની એફઆઈઆરમાં રાકેશ અસ્થાનાની સાથે તેમના જુનિયર અધિકારી ડીએસપી દેવેન્દ્રકુમારના નામનો પણ સમાવેશ કરાયો છે. સીબીઆઈના સ્પેશિયલ ડિરેકટરે ૨૪મી ઓગસ્ટના દિવસે કેબિનેટ સચિવની સાથે થયેલી મુલાકાતમાં વર્મા પર સના પાસેથી બે કરોડ રૂપિયાની લાંચનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. દુબઈના વચેટીયા મનોજ પ્રસાદ અને તેમના સંબંધી સોમેશ પ્રસાદનું નામ પણ આ કેસમાં આવી ચુક્યું છે.

આજે સુનાવણી

● અનુસંધાન પહેલાનું ચાલુ

કહ્યું છે કે સબરીમાલા મંદિરમાં ૧૦થી ૫૦ વર્ષની વયની મહિલાઓની એન્ટ્રીની મંજુરીની સામે રીટ અને રિવ્યુ પિટીશનની કુલ ૧૯ અરજીઓ છે. સુપ્રિમ કોર્ટે કહ્યું છે કે તે આના ઉપર મંગળવારના દિવસે સુનાવણી હાથ ધરનાર છે. સબરીમાલામાં મહિલાઓના પ્રવેશને લઈને સતત વિરોધ પ્રદર્શનનો દોર જારી છે. મંદિરને ખુલ્યાને પાંચ દિવસનો સમય થયો હો છતાં કોઈ મહિલાઓને હજુ તક મળી નથી. મોટી સંખ્યામાં પોલીસ જવાનો તૈનાત કરવામાં આવ્યા હોવા છતાં મહિલાઓને પરત ફરવાની ફરજ પડી રહી છે. અરજી સુનાવણી માટે યોગ્ય હોવાની માંગ કરીને તર્કદાર દલીલો કરવામાં આવી રહી છે. ૧૦તી ૫૦ વર્ષની મહિલાઓના પ્રવેશ પર અગાઉની જેમ પ્રતિબંધ મુકવા માટે અરજીમાં માંગ કરવામાં આવી છે. સબરીમાલા મંદિરમાં મહિલાઓના પ્રવેશની સામે વિરોધ સ્થાનિક લોકો અને ધાર્મક સંસ્થાઓ દ્વારા જ કરવામાં આવે છે.સુપ્રીમના આદેશ બાદ મંદિરના કપાટ ખુલ્લાને છ દિવસ થઈ ચુક્યા છે પરંતુ હજુ સુધી કોઈ મહિલાને તક આપવામાં આવી નથી. ભારે સુરક્ષા વ્યવસ્થા વચ્ચે પોલીસ મહિલાઓને લઈને પહોંચી રહી છે પરંતુ દેખાવકારો સામે પોલીસને પણ ઝુંકવાની ફરજ પડી રહી છે. કેરળના સબરીમાલા મંદિરમાં ૧૦થી ૫૦ વર્ષની વયની મહિલાઓના પ્રવેશને લઈને ઘમસાણ જારી છે.

અભિયાન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ધરવામાં આવી છે. મ્યુનિ તંત્ર દ્વારા થોડા સમય અગાઉ કાચા પાકા દબાણો પર બુલડોઝર ફેરવી કડક વલણ અપનાવી દબાણો દુર કર્યા હતા. શેહરના સે-૨૪ માં પાકા દબાણો પર બુલડોઝર ફરી વળતા મોટામસ બિલ્ડીંગોનો કડુસલો બોલાવી દેવાયો હતો. જયારે રહેણાંક વિસ્તારમાં હેતુફેરના મામલે પણ નોટીસ આપી કોર્મશિયલ દુકાનોને સીલ કરવા સુધી તંત્રએ કડક વલણ અપનાવ્યુ હતુ. જો કે સે-૨૪ માં પાકા દબાણો દુર કરવાની ઝુંબેશના અંતે પુન : દબાણો ઉભા કરવાનુ શરૂ થઈ ગયુ હોવાની ફરિયાદો પણ ઉઠવા પામી છે.બીજીતરફ શહેરમાં મુખ્યમાર્ગોની આસપાસ અંડીંગો જમાવતા લારી ગલ્લાના લીધે આમ નાગરિકોએ પારાવાર મુશ્કેલી વેઠવી પડતી હોવાનુ પણ સ્પષ્ટ થયુ છે. આવા સંજોગોમાં ટ્રાફિક જામના દ્રશ્યો પણ સર્જાય છે. જયારે ક્યારેક માર્ગ સલામતીને સ્પર્શતા પ્રશ્નો પણ ઉઠવા પામે છે. સેકટરોમાં વધતા લારી ગલ્લાના દબાણોના લીધે સેકટરો તેમજ નગરના મુખ્ય માર્ગો પર અનેક સમસ્યાઓ ઉઠવા પામે છે. લારી ગલ્લાના દબાણોનો નિકાલ કરાયા બાદ થોડા સમયમાં જ યથાસ્થાને દબાણો ગોઠવાઈ જતા દબાણ હટાવ ઝુંબેશ નાટકીય પુરવાર થઈ રહી છે. અગાઉ પણ તંત્રએ હાથ ધરેલી મોટી ઝુંબેશના અંતે ગણતરીના દિવસોમાં જ દબાણો પુન : ગોઠવાઈ જતા દબાણની સમસ્યાએ હાલ શહેરમાં ફરી અજગર ભરડો લીધો છે. આજે આ સ્થિતિને ધ્યાને લઈ ટ્રાફિકને અડતણરૂપ થતા દબાણો દુર કરવા માટે ટ્રાફિક શાખા દ્વારા શહેરના રોડ નં - ૫ ઉપર લારી ગલ્લાના દબાણો દુર કરાયા હતા. ટ્રાફિક તંત્ર દ્વારા લારી ગલ્લાના ૧૦ જેટલા દબાણો દુર કરાયા હતા. જયારે આગામી દિવસોમાં પણ આ દબાણ હટાવ ઝુંબેશ ચાલુ રહેશે.

૫૧ તાલુકા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

થયું છે. પાક ઉગ્યા બાદ પાકનાં ઉત્પાદનમાં પણ ઘટાડો નોંધાયો છે. ઓછાં વરસાદવાળા વિસ્તારોમાં પશુપાલન માટે પણ મુશ્કેલીઓ સર્જાઈ છે. ૫૧ તાલુકાઓને અછતગ્રસ્ત જાહેર કરાયાં છે. ૨૫૦ મિ.મીથી ઓછો વરસાદ થયો હોય તેવાં તાલુકાને અછતગ્રસ્ત જાહેર કર્યા છે. જો કે મહત્વનું છે કે પશુપાલકોને મદદ કરવા માટે સરકારે અગાઉથી આયોજન કર્યુ હતું. જેથી આ મામલે રાજ્ય સરકાર ઘાસની ખરીદી કરશે. સરકારે ૪ કરોડ કિલો ઘાસ ખરીદવાનો નિર્ણય કર્યો છે. સરકાર દ્વારા આ ઘાસ કિલો દીઠ રૂ.૧૧થી રૂ.૧૪નાં ભાવે ખરીદવામાં આવશે. સરકારના સત્તાવાળાઓ અને અધિકારીઓને રાજયના અનેક વિસ્તારોમાંથી અછતગ્રસ્ત જાહેર કરવાની રજૂઆતો મળી છે. અછતગ્રસ્ત વિસ્તારમાં સરકાર દ્વારા રૂ.૨ પ્રતિ કીલોનાં ભાવે ઘાસ અપાય છે. અછતગ્રસ્ત વિસ્તારમાં તા.૧ લી ડિસેમ્બરથી સહાય અપાશે. પાક સુકાઈ ગયા હોય તેવાં ખેડૂતોને પ્રતિ હેકટર રૂ.૬૮૦૦ની મદદ કરાશે. અત્યાર સુધી ૧૨૫ મિમીથી ઓછો વરસાદ થયો હોય તેવાં તાલુકાને અછતગ્રસ્ત જાહેર કરાતાં બે હેકટર માટે જ મદદ કરવામાં આવશે. અછતગ્રસ્ત વિસ્તારોમાં ઢોરવાડા બનાવાશે કે જ્યાં ૨ મહિનાની મદદ કરાશે. મોટા પશુદીઠ ૭૦ રૂપિયા લેખે મદદ કરવામાં આવશે. નાના પશુદીઠ ૩૫ રૂપિયા મદદ કરવામાં આવશે. સરકારે પશુપાલકો અને ખેડૂતોના હિતમાં ઉપરોકત રાહતકર્તા નિર્ણય લીધો છે.